# પંચદેવ મંદિર રોડ પર વધુ એક મહિલા સાથે ચેઈન સ્નેચિંગ

## સવા બે તોલા વજનનું સોનાનું મંગળસુત્ર આંચકીને પલ્સરચાલક રફુચક્કર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ પંચદેવ મંદિર રોડ ચેઈન સ્નેચર્સ માટે આશિર્વાદરૂમ બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. ધોળે દિવસે આ રોડ પરથી ચેઈન સ્નેચીંગ થવાના કિસ્સા વધી રહ્યા છે. થોડા જ દિવસોમાં આજે આ જગ્યાએથી ચેઈન સ્નેચીંગનો ચોથો કિસ્સો બનવા પામ્યો છે. પેથાપુરની પરિણીતા તેણીના દાદી અને ભાભી સાથે પંચદેવ રોડ પાસે ઉભા હતા ત્યારે બ્લેક પલ્સર પર એક શખ્સ મોં પર રૂમાલ બાંધીનો આવ્યો અને મંગળસૂત્ર આંચકીને પલાયન થઈ ગયો હતો. સે. ૨૧ પોલીસે પરિણીતાની ફરિયાદને આધારે અઢી તોલા વજનનું રૂ. ૪૫ હજારની કિંમતના મંગળસુત્રની ચિલઝડપનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર નજીકના પેથાપુર વિસ્તારમાં રહેતા ગાયત્રીબેન ધર્મેન્દ્રસિંહ રાઠોડ આજે સવારના અરસામાં સેક્ટર-૨૨ પંચદેવ મંદિર રોડ પર આવેલા ડૉ. દેવેન્દ્ર ગોસ્વામીના દવાખાના સામે તેમના દાદી અને ભાભી સાથે ઉભા ઉભા વાતો કરી રહ્યા હતા તે દરમ્યાન બ્લેક કલરના પલ્સર બાઈક પર એક શખ્સ તેમની પાસે આવ્યો અને ગાયત્રીબેનના ગળે હાથ મારીને પહેરેલું સવા બે તોલા વજનનું સોનાનું મંગળસુત્ર આંચકી લીધુ હતુ. રૂ. ૪૫ હજારની કિંમતનું મંગળસુત્ર ખેંચીને બાઈક પર ભાગેલા શખ્સે બ્લેક પેન્ટ અને વ્હાઈટ શર્ટ પહેર્યો હતો અને મોં પર રૂમાલ બાંધેલો હતો. ગાયત્રીબેનની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે ગુનો નોંધીને પી.એસ.આઈ. સી.આર. પરમારે ફરાર થઈ ગયેલા ચેઈન સ્નેચરને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.



ઘ-૫ પાસે બુધવારે બે-કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક કારની પાછળના ભાગમાં નુકસાન થયું હતું જ્યારે બીજી કારના આગળના ભાગે નુકસાન થયું હતું.

## ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ મહામંત્રી તરીકે હર્ષજીત પંડયા નિમાયા

ગાંધીનગર, તા.૨૨

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ રાહુલ ગાંધીજીના ઠરાવ



મુજબ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જૂનભાઈ મોઢવાડીયાની સલાહથી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલની ભલામણથી ગાંધીનગર શહેરના પ્રમુખ મુકેશભાઈ પટેલ દ્વારા ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ મહામંત્રી તરીકે શ્રી હર્ષજીત હસમુખભાઈ પંડયાની સહુથી નાની વયે વરણી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ઈન્ચાર્જ મહામંત્રી તરીકે રાહુલજીના ઠરાવ મુજબ કોંગ્રેસનું નવું સંગઠન તેમજ વોર્ડ દીઠ દર મહિને એક મીટીંગનું આયોજન કરવામાં આવશે અને ભાજપ દ્વારા જે ગાંધીનગરની જનતાને જે છેતરવામાં આવે છે તેના વિરૂધ્ધમાં જવલંત આંદોલન કરવામાં આવશે.

## લવાડની યુવતી ગુમ

દહેગામ, તા. ૨૨

ગંભીરસિંહ ભમરસિંહ ચૌહાણ રહે. લવાડ તા. દહેગામ, જિ. ગાંધીનગરની કાજલબેન ગંભીરસિંહ ભંમરસિંહ ચૌહાણ (ઉ.વ. ૧૮) તા. ૨૮મી એપ્રિલના રોજ દહેગામ સરદાર શોપિંગ ખાતેથી કોઈને કહ્યા સિવાય કયાંક જતાં રહેલ છે. જે શરીરે મદ્યમ બાંધાની રંગી ઘઉંવર્ણા મોઢું ગોળ જેણે જામલી કલરનો ડ્રેસ પહેરેલ છે. ગુજરાતી- હિન્દી ભાષા જાણે છે. કોઈ માહિતી મળે તો દહેગામ પોલીસ સ્ટેશને ટેલિફોનથી જાણ કરવા વિનંતી છે. ૦૨૭૧૬- ૨૩૨૬૨૩નો સંપર્ક કરવો.

## દહેગામની યુવતી ગુમ

રેખાબેન કેશાભાઈ જગાભાઈ સોલંકી દહેગામ વણકરવાસ નટુકાકાની ચાલી તા. ૫મી મેના રોજ બપોરે ઘરે કોઈને કહ્યા સિવાય જતી રહેલ છે. શરીરે મધ્યમ બાંધાથી રંગે ઘઉંવર્ણી છે. પાંચ ફૂટ ઊંચાઈ છે. મરૂન કલરનો પંજાબી ડ્રેસ પહરેલ છે. જેના નાકમાં ચૂની અને પહે ઝાંઝરો પહેરેલ છે. ગુજરાતી તથા હિન્દી ભાષા જાણે છે. તો જે કોઈને માહિતી હોય તો દહેગામ પોલીસ સ્ટેશને જાણ કરવી.

## સ્વ. ડૉ. પ્રશાંત મેરજાની ૬૧મી માસિક સ્મૃતિએ મોરબી ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના યુવાન સ્વ. ડૉ. પ્રશાંત મેરજાની ૬૧મી માસિક સ્મૃતિએ મોરબી ખાતેના સ્વામીનારાયણ મંદિર સંસ્કારધામ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ૪૬૦ દર્દીઓએ લાભ લીધો હતો.

સ્વામિનારાયણ મંદિર, મોરબી ખાતે ગરીબ દર્દીઓની સેવાને વરેલા સ્વ. ડૉ. પ્રશાંત મેરજાની વિચારધારાને જીવંત રાખવાના ઉમદા આશયથી આ કેમ્પનું આયોજન કરાયું હતું. આ સર્વરોગ નિદાન કેમ્પને શ્રી પ્રેમ પ્રકાશ સ્વામીજીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં તબીબીક્ષેત્રે નિષ્ણાંત ૧૦ ડોક્ટરોએ પોતાની સેવા આપી હતી. આ કેમ્પમાં ક્ષય, ફેફસા, દમ, હાડકા, ચામડી, આંખ, નાક, ગળા, દાંત, સ્ત્રી તથા બાળરોગના ૪૬૦ જેટલા ગરીબ દર્દીઓનું સચોટ નિદાન કરવામાં આવ્યું હતું. ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશન દ્વારા વિના મુલ્ય દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કેમ્પનું સંચાલન સંજીવની હોસ્પિટલના ડૉ. ભાવીન ગામીતે કર્યું હતું. કેમ્પને સફળ બનાવવા સામાજિક અગ્રણી બ્રિજેશ મેરજાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## આજે સેકટર-૩/સીમાં આનંદનો ગરબો

મા મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩/સી ના મધુબેન કે. કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો સેકટર-૩/સી, પ્લોટ નં. ૬૯૦/૨, હરિશભાઈ રાવલને ત્યાં તા. ૨૩મી મેના રોજ બપોરે ૨.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. મા મેલડી આનંદ ગરબા મંડળના પ્રમુખ પ્રફુલ્લાબેન બી. ભાવસારે જણાવેલ છે.

# આવાસોમાં રહેતા વસાહતીઓની માહિતી એકત્રિત કરવા સર્વે શરૂ

## આવાસમાં રહેતા વસાહતીનો ફોટો, હોદ્દો, કચેરીનું નામ સહિતની સઘળી વિગતો કોમ્પ્યૂટરમાં ફીટ કરાશે

ગાંધીનગર, તા. ૨૨

શહેરમાં સ્થિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસોમાં રહેતા વસાહતીઓની માહિતી એકત્રિત કરવા તંત્ર દ્વારા સર્વેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ માટે સ્થાનિક ઈન્કવાયરી કચેરી દ્વારા સરકારી વસાહતમાં ફોર્મનું વિતરણ પણ કરી દેવાયું છે. જેના આધારે રહેણાંકનો હોદ્દો, કચેરીનું નામ, ફોટોગ્રાફસ તેમજ ભાડાની વસુલાત સહિતની તમામ વિગતો એકત્રિત કરાશે. નિવૃત્ત કે બદલીના અંતે પણ આવાસનો ગેરકાયદેસર કબજો ધરાવતા કિસ્સાઓ પણ બહાર આવશે.

શહેરમાં વિવિધ સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના સરકારી આવાસો તંત્ર માટે અનેકરીતે શિરદર્દ સમાન બન્યા છે. કંગાળ ભાસતા મોટાભાગના સરકારી આવાસો જોખમી હાલતમાં છે. બીજી તરફ નિકાલ હેઠળના મકાનો પણ લટકતી તલવાર સમાન પુરવાર થયા છે. આવા સંજોગોમાં આવાસોના મજબૂતી કરણનું કામ પણ મંદગતિએ હાથ ધરાતા વસાહતીઓની સમસ્યા વધી ગઈ છે. બીજી તરફ આવાસોના કબજા અને નિયમિત ભાડા વસુલીના મામલે પણ કેટલાક કિસ્સામાં પારદર્શકતા ન જળવાતા સમયાંતરે આવાસમાં ગેરકાયદેસર કબજો ધરાવતા કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. અગાઉ પેટા ભાડુઆતોનું કૌભાંડ પણ ઝડપાયું હતું જ્યારે કર્મચારીઓની નિવૃત્તિ અને અવસાનના કિસ્સાઓમાં પણ સરકારી આવાસોમાં ગેરકાયદેસર વસવાટ કરતા વસાહતીઓ સામે કોર્ટ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તંત્રની ભાડા વસુલાતી શાખા તેમજ આવાસ ફાળવણી સહીતની તમામ આવાસોને કોમ્પ્યુટરાઈઝ કરવા મથામણ હાથ ધરવામાં આવી છે ત્યારે શહેરના પ્રત્યેક આવાસમાં કોણ કેટલા સમયથી રહે છે તે અંગે તંત્ર દ્વારા સર્વેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સર્વેને અનુલક્ષી સ્થાનિક ઈન્કવાયરી કચેરી દ્વારા સરકારી મકાનોમાં માહિતી પત્રકનું વિતરણ કરી દેવાયું છે. જેના આધારે આવાસનો કબજો ધરાવતા કર્મચારીનો હોદ્દો, કચેરીનું નામ, ફોટોગ્રાફસ તેમજ કેટલા સમયથી આવાસમાં રહે છે તે સહિતની સઘળી વિગતો કબજેદારોએ વિભાગને સુપ્રત કરવાની રહેશે. જેના અંતે શહેરમાં સ્થિત આવાસોમાં કબજો ધરાવતા વસાહતીઓની સઘળી માહિતી કોમ્પ્યૂટરમાં ફીટ કરવામાં આવશે. જ્યારે નિયમ વિરૂદ્ધ કબજો ધરાવતા કિસ્સાઓ ધ્યાને આવશે તો તે મામલે પણ કડક પગલા લેવાશે.

## ૨૩૧ દિવસ પ્રમુખસ્વામીના દર્શનનો લાભ લેતા કે.જી. પટેલ

ગાંધીનગર, તા. ૨૨

બાપસના વડા પૂ. પ્રમુખસ્વામી મહારાજના તા. ૧૪-૬-૨૦૧૨થી ૫-૫-૨૦૧૩ સુધી (૩૨૩ દિવસ) અ. પુમંદિર શાહીબાગ અમદાવાદ ખાતે બિરાજમાન હતા. જ્યાં મૂળ બોરસદના વતની અને હાલ ગાંધીનગર સેક્ટર-૨૯માં રહેતા કાન્તીભાઈ જી. પટેલે અમદાવાદ ખાતે જઈને કુલ ૨૩૧ દિવસ પ્રમુખ સ્વામીના દર્શનનો લાભ લીધો હતો. તેઓ જી.ઈ.બી.માં ઈલે. એન્જીનીયર તરીકે ૩૨ સેવા આપી હતી. નિવૃત થયા બાદ છેલ્લા ઘણા વર્ષથી અક્ષરધામ ગાંધીનગરના આર્ષ વિભાગમાં સેવા આપે છે. આ ઉપરાંત ૧૨ વર્ષથી હરિમંદિર અક્ષરધામમાં સાંજની આરતીનો લાભ લેવાનું એક પણ દિવસ ચુકયા નથી.

## પંચમુખી મહાદેવ મંદિર ખાતે આજે હોમાત્મક લઘુરુદ્ર

ગાંધીનગર, તા. ૨૨

સેકટર-૫-એ સ્થિત શ્રી પંચમુખી મહાદેવ મંદિર ખાતે હોમાત્મક લઘુરુદ્રનું આયોજન આવતીકાલે તા. ૨૩મી મે નારોજ સવારે ૯ વાગે કરવામાં આવ્યું છે. જેની પુર્ણાહુતી સાંજે પાંચ વાગે થશે. ભાવિક ભક્તોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



દહેગામ પોલીસ ચોકી નજીકથી પસાર થઈ રહેલી અલ્ટો કારમાંથી આજે સવારે સાડા નવ વાગ્યાના અરસામાં એકાએક ધુમાડા નીકળવા લાગતા કાર ચાલકે સમયસુચકતા દાખવીને કાર ઉભી કરી દીધી હતી અને કારમાં સવાર પત્ની અને દિકરાને બહાર કાઢી લીધા હતાં. થોડી જ ક્ષણોમાં ધડામ સાથે કારમાંથી આગ ભભુકી ઉઠી હતી અને કાર સળગીને ખાખ થઈ ગઈ હતી. આસપાસના રહેવાસીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણીની ડોલથી કાર પર પાણી છાંટી આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે કારમાં સવાર ત્રણેય વ્યકિતઓનો આબાદ બચાવ થઈ ગયો હતો. પોલીસ સ્ટેશનની સામે જ બનેલી આ ઘટના હોવા છતાં પોલીસ રાબેતા મુજબ ટહેલતી ટહેલતી અડધા કલાકે ત્યાં પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. (તસવીર : નિખિલ પંડયા, દહેગામ)

## ગાંધીનગરના તમામ સેકટરોમાં આધારકાર્ડ કેન્દ્રો ઉભા કરવા શહેર પેન્શનર્સ સમાજની માંગ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના ઉંમરલાયક વયસ્કોને કલેકટર કચેરી સ્થિત આધારકાર્ડ કેન્દ્રમાં આધારકાર્ડ કઢાવવા માટે ખુબજ મુશ્કેલીઓ વેઠવી પડે છે. આથી ગાંધીનગર જિલ્લા કલેકટર તંત્ર ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં આધારકાર્ડ કેન્દ્રો ઉભા કરે તેવી માંગણી વયસ્કો કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં એક માત્ર કલેકટર કચેરી ખાતે જ હાલ આધારકાર્ડ નોધણી પ્રક્રિયા ચાલુ છે. જ્યાં દરોજની આધારકાર્ડ મેળવવા માટે નાગરિકોએ કલાકો સુધી લાંબી લાંબી લાઈનમાં ઉભુ રહેવું પડે છે.

આથી વ્યસ્ક નાગરિકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. આથી સિનિયર સિટિઝનો ભારે રોષે ભરાયા છે અને જિલ્લા કલેક્ટર કચેરી તંત્ર સત્વરે આ મામલે યોગ્ય કાર્યવાહી કરી ગાંધીનગર શહેરના સેક્ટરમાં આધારકાર્ડ કેન્દ્રો ઉભા કરવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે.

## દેના બેંકમાં રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૨૨

દેના બેંકની પ્લેટીનમ જ્યુબિલી ઉજવણીના ભાગરૂપે બેંકના ક્ષેત્રીય કાર્યાલય, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે બેંક દ્વારા એક રક્તદાન શીબીરનું આયોજન સીવીલ હોસ્પિટલ, ગાંધીનગરના સૌજન્યથી તા. ૨૪-૫-૨૦૧૩ ને શુક્રવાર સવારના ૮.૦૦ કલાકથી રાખવામાં આવેલ છે. આ શીબીરનું કાર્યક્રમ સંયોજન સ્વૈચ્છિક રક્તદાતા શ્રી ભરત કવિ કરશે. સંબંધિત શીબીરમાં સર્વેને હાજર રહી ઉમદા કાર્યમાં સહકાર આપવા વિનંતી છે.

# ફિમેલ હેલ્થ વર્કર બહેનોની સેવાઓને કયારે ધ્યાનમાં લેશે?

## કચ્છ અને રાજકોટની જેમ સમાન ધોરણે લાભો આપવા બહેનોની ઉગ્ર માંગ

દહેગામ, તા.૨૨

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજયની અનેક જિલ્લા પંચાયતોમાં સને ૧૯૯૬થી ૬ માસ માટે તદન એડહોક અને હંગામી ધોરણે નર્સીંગ તાલીમ પાસ કરેલ બહેનોની સેવાઓને તંત્ર ધ્યાનમાં લેશે કે નઈ? તેવી આશાએ તંત્ર સમક્ષ મીટ માંડી ફિમેલ હેલ્થ વર્કર બહેનો બેઠી છે.

નર્સિંગની તાલીમ પાસ કરેલ આ બહેનોની યાદી પૈકી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તા. ૧૦-૧૦-૧૯૯૫ના પત્રના અન્વયે જિલ્લા પંચાયતોની આરોગ્યની સેવાઓ માટે ફિમેલ હેલ્થ વર્કરના સમવર્ગમાં તા. ૧૬-૧-૧૯૯૬થી નિમણુંકો આપવામાં આવી હતી તે દિનથી આજ સુધી આ બહેનો વિના બ્રેક નિયમાનુસાર સેવા એક સમન પગાર મેળવતી આવી રહી છે તથા પાંચમું-છઠ્ઠુ પગાર ધોરણ પણ મેળવેલ છે. સદર ભરતી જે તે સમયે થયેલ ભરતી તથા વર્ગીકરણના નિયમો ૧૯૬૭ હેઠળના થયેલ છે. જિલ્લા સેવા પસંદગીની પરીક્ષા પાસ કરવાની શરતોને આધીન આ ભરતી કરેલ છે. છેલ્લા ૧૭ વર્ષથી સતત આ બહેનો સેવા પુરી પાડી રહી છે. છતાં પણ જિલ્લા પંચાયતોના યોગ્ય સત્તાધિકારીઓ દ્વારા આ બહેનોની સેવાઓને ધ્યાનમાં લેવામાં આવતી નથી. જે તે જિલ્લાના યોગ્ય સત્તાધિકારીઓએ રાજકોટ-કચ્છ જિલ્લા પંચાયતના ધોરણે સરકાર સમક્ષ ઘટતી રજુઆત દરખાસ્ત કરવી જોઈએ. રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા સમાન પ્રકારે ભરતી પામેલ ૪૬ ફિમેલ વર્કર બહેનોની સેવાઓને પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતીના નિયમો ૧૯૯૮ના નિયમ હેઠળ પંચાયત ગ્રામ ગૃહ વિભાગની ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત રાજયને મંજુરી આપવામાં આવેલ છે. જિલ્લા વિકાસ અધિકારી કચ્છ દ્વારા આ નિયમ હેઠળ ૨૬ ફિમેલ હેલ્થ વર્કરની સેવાઓને નિયમિત ગણી પંચાયત સેવા સમિતિની પસંદગીની પ્રક્રિયામાંથી મુકિત આપીને ભરતીના નિયમો ૧૯૯૮ના નિયમ ૧૦ (૨) ના પેટા નિયમ (એ) (બી) મુજબની પંચાયત સેવા પંસદગી સમિતિની ભરતીમાંથી મુકિત આપીને શરતોને આધીન નિયમિત કરવા નાયબ સચિવશ્રીએ તા. ૩૦-૧૧-૨૦૦૯થી હુકમ કરેલ છે. આ નિયમ મુજબ ગાંધીનગર અને અમદાવાદ તેમજ અન્ય જિલ્લા પંચાયતો હસ્તક હંગામી ધોરણે છેલ્લા ૧૭ વર્ષથી ફિમેલ હેલ્થ વર્કરની સેવા આપતી બહેનોને સરકારશ્રી દ્વારા એક સમાન ધોરણ અને નિતી અનુસાર ન્યાય આપી નિયમિત કરીને તેઓને પંચાયત સેવા સમિતિની પસંદગીની પ્રક્રિયામાંથી તમામને મુકિત આપવી જોઈએ.

પં.ગ્રા.ગૃ.નિ.વિ.ના ૭-૭-૧૯૯૮ના જાહેરનામા અન્વયે બહાર પાડવામાં આવેલ ભરતીના નિયમો ૧૯૯૮ના નિયમોનું સરકારશ્રી આ પ્રકારની ભરતીને નિયમિત કરવા આપેલ તેમાની જિલ્લા પંચાયતની હસ્તક ભરતી કરાયેલ. ૧૭ વર્ષથી સતત કાર્ય કરતી કેટલીક વિધવા અને ત્યકતા છે. જેઓને કોઈ પણ ભેદભાવ વિના સમાન ધોરણે ન્યાય આપી જિલ્લા સેવા સમિતિની પસંદગીની પ્રક્રિયામાંથી મુકિત આપી તેમની નિમણુંક તારીખથી ફરજમાં સળંગ કરી નિયમત કરી આપવી જોઈએ. સરકારશ્રીએ રાજયના વિવિધ જિલ્લા પંચાયત હસ્તકની ફિમેલ હેલ્થ વર્કર બહેનોને રાજકોટ અને કચ્છ જિલ્લાની જેમ એક સમાન ધોરણે ન્યાય આપી ન્યાયમાં સમતોલ જણાય તે રીતે અન્યાયનો અને શોષણનો ભોગ બનનારી મહિલાઓને સત્વરે ન્યાય આપવો જોઈએ તેવી તંત્ર સમક્ષ માંગણી કરી છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫

સૂર્યાસ્ત : ૭.૦૬

### તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૨ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

ઈપીઆઈસી (૩ડી) (હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૦૦

ધ રિલેકટન્સ ફંડામેન્ટલીસ્ટ (હિન્દી) : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૮.૦૦

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૧૦.૦૦, ૮.૧૫

આશિકી-૨ : ૧૨.૧૫, ૨.૪૫, ૧.૩૦

શૂટ આઉટ એટ વડાલા : ૫.૧૫

: સ્ક્રીન-૩ :

ઔરંગજેબ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

ઔરંગજેબ : ૯.૦૦, ૧૨.૦૦, ૯.૦૦

ગો ગોઆ ગોને : ૩.૦૦

આશિકી-૨ : ૬.૦૦

**સૂર્યા, વાવોલ**

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

ઔરંગજેબ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આશિકી-૨ : ૧૦.૩૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

ઔરંગજેબ : ૩.૩૦

: સ્ક્રીન-૩ :

શૂટ આઉટ વડાલા : ૧૦.૧૫, ૪.૦૦, ૧૦.૦૦

ગો ગોઆ ગોને : ૧.૧૫, ૭.૦૦

**ચિરાગ, કલોલ**

ઔરંગજેબ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. પ્રતાપજી ઘટોરજી બિહોલા (ઉ.વ. ૧૦૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રતાપજી વરવાજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શૈલેષભાઈ વિષ્ણુભાઈ ઠાકોર (ઉ.વ. ૩૨) મુ.પો. તારાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમાબેન હરીભાઈ ઈચ્છાયોરીયા (ઉ.વ. ૭૦)પ્લોટ નં. ૨૦૭, સહકાર કોલોની, સેકટર-૨૫, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન ગોકળદાસ નાયી (ઉ.વ. ૯૫) મુ.પો. મુબારકપુર, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. બચુભાઈ શિવલાલ દેસાઈ (ઉ.વ. ૮૨) બ્લોક નં. ૧૫/૧૭૪, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. અમૃતભાઈ ભાઈચંદભાઈપટેલ (ઉ.વ. ૬૧) બ્લોક નં. ૧૩૩૩/૨, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. શ્યામલાલ ચંદુલાલ વાઘેશ્વરી (ઉ.વ. ૫૫) બ્લોક નં. ૧૨૫/૨, છ-ટાઈપ, સેકટર-૧૬, ગાંધીનગર.